અપીલ અરજી નં.૩૯૬ તા.૫–૨–૧૦

અરજદારઃ– શ્રી જયવદન બી. જરીવાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયવદન બી. જરીવાલાની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી સુરતના મોજે મજૂરામાં આવેલ સંસ્કારનગર કો.ઓપરેટીવ હા.સોસા. લિ. ના રે.સર્વે નં.૭૨ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૬ ફા.પ્લોટ નં.૨૯/એ–બી આપવામાં આવેલ છે તેના પૈકી પ્લોટ નં.૬૦ બાબતના પ્લાન મંજુર કરાવવા પ્રિતીબેન દેસાઈએ કરેલ અરજી અને તેમને જે પ્લાન મંજુર કરી આપવામાં આવેલ છે તેની સર્ટીફાઈડ નકલ તથા જે પણ રેકર્ડ હોય તેનીસર્ટીફાઈડ નકલ બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૬/૨૦૦૯–૧૦

શ્રી જયવદન બી. જરીવાલાની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી સુરતના મોજે મજૂરામાં આવેલ સંસ્કારનગર કો.ઓપરેટીવ હા.સોસા. લિ. ના રે.સર્વે નં.૭૨ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૬ ફા.પ્લોટ નં.૨૯/એ–બી આપવામાં આવેલ છે તેના પૈકી પ્લોટ નં.૬૦ બાબતના પ્લાન મંજુર કરાવવા પ્રિતીબેન દેસાઈએ કરેલ અરજી અને તેમને જે પ્લાન મંજુર કરી આપવામાં આવેલ છે તેની સર્ટીફાઈડ નકલ તથા જે પણ રેકર્ડ હોય તેની સર્ટીફાઈડ નકલ બાબતે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૭૨૨ તા.૬–૧–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૮ તા.૧૭–૨–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને મુળ અરજીની ફી ની વિગતસહ નકલ રજૂ કરવા તથા તે પૈકી મદ્દાવાઈઝ નહીં મળેલ માહિતીની વિગત બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૮૯૪ તા.૨૬–૨–૧૦ થી અત્રેના વિભાગને મળેલ પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી પૂરી પાડવા અંગે પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૬૪૭ તા.૫–૧૨–૦૯ થીરૂા. ૭૦૦૭/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પાઠવેલ પત્રની નકલ, તથા નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૬૮૭ તા.૨૧–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં. નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૭૨૨ તા.૬–૧–૧૦ ના પત્રની નકલ અને આ તમામ પત્રોની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ મળેલ છે. અરજદાર તરફથી તા.૬–૩–૧૦ ના રોજ અત્રેના વિભાગને મળેલ પત્રમાં અરજદારે માહિતી અંગે ભરેલ રૂા.૭૦૦૭/– ની રસીદ નં.૪૭૪૧૪૫ તા.૧–૧–૧૦ ની નકલ રજૂ કરેલ છે. પરંતુ મુળ અરજીની કે અરજી ફી ની મુદ્દાવાઈઝ નહીં મળેલી માહિતી સબંધે પાઠવેલ પત્રના અનુસંધાને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની ઉપરોકત વિષય બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૬૪૭ તા.૫–૧૨–૦૯ થી અરજદારને પત્ર પાઠવી પાના નંગ–૭૭ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૧૫૪/– નમુના/પ્લાન માટેનો ચાર્જ (પ્લાન નંગ–૮) રૂા.૬૮૫૩/– મળીને કુલ્લે રૂા.૭૦૦૭/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. અરજદાર તરફથી માહિતી નહીં મેળવતાં નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૬૮૭ તા.૨૧–૧૨–૦૯ થી પુનઃ પત્ર પાઠવી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે રસીદ નં.૪૭૪૧૪૫ તા.૧–૧–૧૦ ના રોજ દસ્તાવેજ ફી ૭૦૦૭/– ભરપાઈ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએપત્ર નં. નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૭૨૨ તા.૬–૧–૧૦ થી પાના નંગ ૭૭ તથા પ્લાનની નકલ નકશા નંગ–૮ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની તરફથી સદર નિર્ણયથી નારાજ થઈ શહેર સુરતના મોજે મજુરામાં આવેલ સંસ્કારનગર કો.ઓ. હા.સો. ના રે.સ. નં.૭૨ પૈકી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૬ ફા.પ્લોટ નં.૬૫ પૈકી પ્લોટ નં.૬૦માં બાંધકામની મંજુરી મેળવવાની અરજીથી માડી વાંધા નોંધાવવામાં આવેલ. તે વાંધાઓ બાબત. જે નિર્ણય લેવામાં આવેલ હોય તે નિર્ણયના હુકમ અને વાંધા અરજી ઉપર શું હુકમ થયો અને સીટી સર્વેના રેકર્ડની વિરુધ્ધ અન્યોએ બનાવેલ પ્લાન ઉપર આધાર રાખી કઈ રીતે પ્લાન મંજુર કરવામાં આવેલ. તેની વિગતો સહિતના દસ્તાવેજોની માંગવામાં આવેલ જે પુરા પાડવામાં આવેલ નથી અને ફકત એક જ પક્ષકાર તરફથી રજૂ થયેલ દસ્તાવેજોની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. અને અન્ય પક્ષકાર તરફેના કોઈ દસ્તાવેજ આપવામાં આવેલ નથી. કરવામાં આમ માંગ્યા મુજબની માહિતી પૂરેપૂરી આપવામાં આવેલ નથી અને જાણી જોઈને દસ્તાવેજો ફાઈલમાંથી ગુમ કર્યા હોવાનું જણાય છે.સદર અધૂરી માહિતી જણાવી અરજદારે તા.૫–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૮ તા.૧૭–૨–૧૦ થી પત્ર પાઠવી મુદ્દાવાઈઝો નહીં મળેલી માહિતી અંગે તથા મુળ અરજીની ફી ની વિગતો જણાવી તક આપવા છતાં અત્રેના વિભાગને અપીલ તબકકે વિગતો પૂરી પાડેલ નથી. તેમજ તેમણે કઈ માહિતી મેળવી અને કઈ કઈ માહિતી મેળવેલ નથી તે પણ જણાવવામાં આવેલ નથી. વધુમાં અરજદારે મુળ અરજીમાં ટીપી સ્કીમ નં.૬ ના ફા.પ્લોટ નં.૨૯–એ–બી/ ના પ્લોટ નં.૬૦ જણાવેલ છે જ જયારે અપીલ અરજીમાં ફા. પ્લોટ નં.૬૫ પૈકી પ્લોટ નં.૬૦ ની વિગતો જણાવેલ છે. વધુમાં મુળ અરજીમાં પ્રિતિબેન દેસાઈએ રજૂ કરેલ અરજી અને પ્લાન મંજુર કર્યાની વિગતો માંગેલ છે. જયારે અપીલ બકકે અરજદારે મુળ અરજીથી અલાયદા વાંધાઓ

બાબતે, તેના નિર્ણય અંગેના હુકમ સીટી સર્વે રેકર્ડ વિરુધ્ધના અન્યોએ બનાવેલ પ્લાન પર આધાર રાખી , કઈ રીતે પ્લાન મં જુર કરવામાં આવેલ છે તેના વિગતો સહિતના દસ્તાવેજો માંગણી કરેલ છે. તેમજ ફાઈલમાંથી દસ્તાવેજો ગુમ થયા બાબતે કરેલ રજૂઆત અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી તથા તેવા દસ્તવેજોની માહિતી પણ જણાવેલ નથી. અરજદારે મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં કઈ માહિતી મળેલ નથી તે બાબતે અરજદાર સ્પષ્ટ નથી. તેમ છતાં મુળ અરજીમાં પ્લોટ નં.૬૦ બાબતે આજ દિન સુધીનો જે પણ રેકર્ડ હોય તેની પ્રમાણિત નકલનો ઉલ્લેખ કરેલ છે તે પણ સૂચક છે. આમ અરજદારે અપીલ તબકકે માહિતીનું વધુ સ્પષ્ટીકરણ કરેલ છે. આરટીઆઈના કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળના અપવાદ ચકાસવા મુળ અરજીમાં માહિતીની સ્પષ્ટ વિગતો હોવી અનિવાર્ય છે. જાહેર માહિતી અધિકારી તરફે અરજદારની માહિતી માંગણી અંગે કોઈ અપવાદ ઉપસ્થિત કર્યાનું ઉપલબ્ધ સંદર્ભ પરથી જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુળ અરજીના અનુસંધાને ઉપલબ્ધ વિગતો આપેલ છે તેમ છતાં અરજદાર હુકમ મળ્યાથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી મૂળ અરજીના પરિપ્રેક્ષ્યમાં બાબત હેઠળનું દફતરી ઈન્સ્પેકશન મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ (બી) મુજબ ફી ભરપાઈ કરી ઉતારો કે નકલ મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે જરૂર જણાય તો કલમ–૧૧ મુજબની કાર્યવાહી કરી નિર્ણય લઈ તદઅનુસાર હુકમની અમલવારી કરવા ડે.કિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે. અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયવદન બી. જરીવાલા